# પ્રકરણ : ૪

## ઉપસંહાર.

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં 'સાવિત્રી' મહાકાવ્યનો અનુવાદ અભિનવ મુદ્રા અંકિત કરે છે. એનું પહેલું કારણ તો એ કે આ એક મહાકાવ્યનો અનુવાદ છે. આપણે ત્યાં મહાકાવ્યોના સંતર્પક અનુવાદો ખાસ કાંઈ થયા નથી. 'રામાયણ', 'મહાભારત' અને સંસ્કૃત પંચમહાકાવ્યો, તેમજ ફિરદૌશીના 'શાહનામા' કે પશ્ચિમના 'ઓડિસી', 'ઇલિયડ', 'ઇનીડ', 'ડિવાઇન કોમેડી', 'પેરેડાઇઝ લોસ્ટ' આદિના અનુવાદો આપણે ત્યાં થયા છે. આ તમામ મહાકાવ્યોમાં 'સાવિત્રી' પૂર્વ અને પશ્ચિમના સમન્વય લેખે અત્યંત ધ્યાનાર્હ બની રહે છે. આવી કૃતિના અનુવાદથી સ્વાભાવિક રીતે જ આપણું ભાષાસાહિત્ય સમૃદ્ધ થાય. કથ્ય, વિષયની દૃષ્ટિએ આપણને યોગાનુભૂતિઓના સૂક્ષ્મ આલેખનયુક્ત મહાકાવ્ય પ્રાપ્ત થયું છે. સાથેસાથે ગુજરાતી ભાષાસાહિત્યને આ અનુવાદો દ્વારા મૂળકૃતિનું ઓજસ પ્રાપ્ત થયું છે.

આ અનુવાદ પ્રવૃત્તિથી તેમજ સમગ્રરીતે જોઈએ તો શ્રી અરવિંદ દર્શનથી ગુજરાતને સાંસ્કૃતિક ભૂમિકાએ શી ઉપલબ્ધિ થઈ તેની વિચારણા અમે કરવી રહી. ગુજરાત શ્રી અરવિંદની આરંભની કર્મભૂમિ, જ્ઞાનોપાસનાની ભૂમિ બન્યું હતું. વડોદરાની તત્કાલિન બરોડા કોલેજ કે જે આજે એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા તરીકે કાર્યરત છે એમાં જ્યારે શ્રી અરવિંદ અધ્યાપનકાર્ય કરતા હતા ત્યારે ગુજરાતનો યુવા વર્ગ એમનાથી વિશેષરૂપે પ્રભાવિત થયો હતો. ત્યારબાદ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં શ્રી અરવિંદ ધૂમકેતુ સમા બની રહ્યા બાદ અંતરના આદેશને વશવર્તી અચાનક સક્રિય રાજકીય જીવનમાંથી અચાનક ક્ષેત્રસન્યાસ લઈને પોંડિચેરી સ્થાયી થાય છે. બુદ્ધના મહાભિનિષ્ક્રમણની યાદ અપાવતી

આ ઘટના બાદ શ્રી અરવિંદના પોંડિચેરીથી પ્રકાશિત થતા 'આર્ય' સામયિક દ્વારા ગુજરાત શ્રી અરવિંદના સંપર્કમાં હતું. અંબાલાલ પુરાણી 'આર્ય'ના અંકોનો ગુજરાતી અનુવાદ કરીને એ રીતે ગુજરાતના સંસ્કારજીવનને શ્રી અરવિંદ દર્શનનો પરિચય કરાવતા હતા. ગુજરાતમાં અખાડા પ્રવૃત્તિની અહાલેક જગાવીને ગુજરાતના સંસ્કારજીવનને વિશેષરૂપે પ્રભાવિત કરીને અંબાલાલ પુરાણી શ્રી અરવિંદને ચરણે પોતાનું શેષ જીવન સમર્પિત કરે છે. એ પછી પૂજાલાલ અને સુન્દરમ્ જેવા સાહિત્યકારો પણ શ્રી અરવિંદનું શરણું ગ્રહે છે. શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં સ્થાયી થાય છે. આ ઘટનાઓથી પણ ગુજરાત પ્રભાવિત થતું રહે છે.

૧૯૩૮માં પૂજાલાલનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પારિજાત' પ્રકાશિત થાય છે. એ અંગે ઉશનસ્ નોંધે છે:" પૂજાલાલનો 'પારિજાત' પ્રગટ થયો ત્યારે ગુજરાતી કવિતાએ કશાક આવિર્ભાવનો સ્પંદ અનુભવ્યો. 'પારિજાત' અલબત્ત કોઈ મોટા કવિની કૃતિ ન હતી. તોપણ એણે ઠાકોર, રામનારાયણ અને વિષ્ણુપ્રસાદ જેવાની પ્રશસ્તિ કેમ પ્રાપ્ત કરી? એ ગાંધીવાદી કૃતિ ન હતી: એ શ્રી અરવિંદ દર્શનની પ્રથમ બુલંદ અભિવ્યક્તિ હતી..... શ્રી અરવિંદની પરિભાષાની એ 'primer' બની, ગુજરાતી ભાષાએ એક નવું જ ઓજસ અનુભવ્યું."*૧

શ્રી અરવિંદનો પ્રભાવ ગુજરાતી સાહિત્ય પર ગાંધીયુગની સમાંતરે જ ઝીલાતો રહે છે. આ પ્રભાવ અંબાલાલ પુરાણી, સુન્દરમ્, પૂજાલાલ, કનૈયાલાલ મુનશી, કિશનસિંહ ચાવડા, પન્નાલાલ પટેલ, પ્રજારામ રાવળ, ઉશનસ્, પિનાકિન ઠાકોર, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, જશવંત ઠાકર, રજનીકાંત મોદી, ભરત ઠક્કર, ગિરધરલાલ શેઠ, શ્રીકાંત માહુલીકર, સુનંદા, દિલાવરસિંહ જાડેજા, જ્યોતિ થાનકી વગેરેની સાહિત્યકૃતિઓમાં સ્પષ્ટતઃ પ્રમાણી શકાય છે. આ પ્રભાવ સાહિત્યના પ્રાયઃ બધા જ સાહિત્યસ્વરૂપો પર પડે છે.

ડૉ. પ્રવીણા પટેલ પીએચ.ડી નિમિત્તે ગુજરાતી સાહિત્ય પર પાડેલા

શ્રી અરવિંદના પ્રભાવની તલાવગાહી તપાસ કરે છે. તેઓ જણાવે છે કે: "શ્રી અરવિંદનો પ્રભાવ 'વસ્તુ' અને 'નિરૂપણ-રીતિ' ઉભય પરત્વે પડ્યો છે. કોઈપણ વિભૂતિના પ્રભાવથી સર્જાતું સાહિત્ય આપોઆપ ઊંચી કોટિનું થઈ જતું નથી. મુખ્ય બાબત સર્જનાત્મક શક્તિની છે. જોઈ શકાય છે કે ધરખમ શક્તિવાળા સર્જકો શ્રી અરવિંદનો પ્રભાવ ઝીલીને કેટલીક ચિરસ્થાયી મૂલ્યની અનવદ્ય રચનાઓ આપે છે. ખાસ કરીને ગુજરાતી કવિતા ક્ષેત્રે આધ્યાત્મિક કવિતાની સંપ્રાપ્તિ આ રીતે શક્ય બનેલી છે. તો વળી શ્રી અરવિંદ કે શ્રીમાતાજી વિષયક પદ્યમાં મુકાયેલાં પોપટિયાં ઉચ્ચારણો સર્ગશક્તિની દરિદ્રતાને જ છતી કરી આપતાં હોય છે. વિવિધ સાહિત્ય પ્રકારોમાં શ્રી અરવિંદનો સવિશેષ પ્રભાવ કવિતા ઉપર પડેલો છે. ગદ્યમાં અંબાલાલ પુરાણી, સુન્દરમ્, પન્નાલાલ, મુનશી વગેરેનું કાર્ય મહત્વનું હોવા છતાં ટૂંકી વાર્તા, નવલકથા કે નાટક ઉપરની અસરો કવિતાને મુકાબલે કંઈક ઓછી વર્તાય છે." *૨

આ પ્રભાવે ગુજરાતને શું આપ્યું એની સમીક્ષા કરતાં ઉશનસ્ જણાવે છે: "આ દર્શન-પ્રભાવિત કવિતાએ અરવિંદનું, અન્યથા દુર્બોધ દર્શન સહજ ને સરલ કરી આપ્યું છે. ગુજરાતી ભાષાને સુવર્ણ રણકાયુક્ત પ્રબળ ને સ્નાયુબદ્ધ ભાષા આપી છે. શ્રી અરવિંદની પરિભાષા હસ્તામલકવત્ કરી આપી છે. શ્રી અરવિંદ ને શ્રીમાતાજીની કૃતિઓના કેટલાક અધિકારીઓના હાથે અનુવાદો થયા છે. કેટલાંક ઉત્તમ સઘન સોનેટો, તો કેટલાંક 'મેરે પિયા' જેવા પ્રાંજલ ગીતો આપ્યાં છે. દયારામ પછી ગુજરાતીમાં એકાએક ફૂટી નીકળેલા પાર્થિવ રસ વચ્ચે આધ્યાત્મિક પીઠિકા દૃઢ રીતે સ્થાપી આપી છે. વિલાપ ને વિરતિપૂર્ણ ચૈતન્યમાં અમૃતની તાજગીપૂર્ણ લહર ફેલાવી છે. ઈશ્વરને વચ્ચે રાખી માનવમાત્રને સામ્યવાદથીયે વિશેષ સુખી કરી શકશે એવી શ્રદ્ધા ચીંધી છે ને માનવજંતુને પરમાત્માના પાટવી વારસદાર તરીકેનું ગૌરવ આપ્યું છે." *૩

આમ, શ્રી અરવિંદ, શ્રી માતાજીના સમગ્ર સાહિત્યના ગુજરાતી અનુવાદની પ્રવૃત્તિ, વિશેષ રૂપે 'સાવિત્રી'ના અનુવાદ એક મહત્ત્વનું પરિબળ બની રહે છે એ નોંધપાત્ર છે.

ઐતિહાસિક દૃષ્ટિએ 'સાવિત્રી' મહાકાવ્યનો ગુજરાતી અનુવાદ કરવાના શ્રીગણેશ સુન્દરમે કર્યા હતા. એમના 'દક્ષિણા' સામયિકના ઓગષ્ટ 1949માં પ્રકાશિત થયેલા સળંગ અંક : 5 (પુસ્તક : ૨, અંક : 1) માં 'પલમાં શાશ્વતી' નામના એક લેખમાં 'સાવિત્રી'ની ત્રણેક પંક્તિઓનો અનુવાદ પ્રાપ્ત થાય છે. એ પછી 'સાવિત્રી'નો ગણનાપાત્ર અનુવાદ ફેબ્રુ. 1949માં પ્રકાશિત થયેલા 'દક્ષિણા'ના સળંગ અંક 7 (પુસ્તક : ૨, અંક : 3) માં પૃષ્ઠ 155 થી 166 પર મળી આવે છે. અહીં સુન્દરમે 'સાવિત્રી'ના પર્વ : 1, સર્ગ : 4 ના પૃષ્ઠ 46 થી 55 ની ૨૨ પંક્તિઓ સુધીનો અનુવાદ પ્રકાશિત કર્યો હતો. એ પછી 'દક્ષિણા'માં વખતોવખત એમના અનુવાદ પ્રકાશિત થતા રહ્યા છે. અંતિમ અનુવાદ એપ્રિલ : '૯0 માં ફેબ્રુ. '૯૨ન સળંગ અંક : 107 (પુસ્તક : ૨7, અંક : 3) રૂપે પ્રકાશિત 'દક્ષિણા'માં પ્રાપ્ત થાય છે. અહીં પૃષ્ઠ 145 થી 149 પર 'સાવિત્રી'ના ચોથા પર્વના બીજા સર્ગના પૃષ્ઠ 359 ના આરંભથી 363 ની પ્રથમ 16 પંક્તિઓ અનુવાદ પ્રકાશિત થયો છે. આમ, સુન્દરમ્‌ના 'સાવિત્રી' અનુવાદની પ્રવૃત્તિ લાંબા પટ પર વિસ્તરેલી છે.

શ્રી અરવિંદના 'સાવિત્રી' મહાકાવ્યનું સૌપ્રથમ પ્રકાશન 'શ્રી ઓરોબિન્દો મંદિર એન્યુઅલ'માં ઇ.સ. 1946 માં થયું હતું. ત્યારબાદ 'એડવેન્ટ' અને 'શ્રી ઓરોબિન્દો સર્કલ' જેવા સામયિકોમાં પણ 1947 સુધીમાં એના કેટલાક અંશો પ્રકાશિત થયા હતા. એ પછી 'સાવિત્રી'ના અંશો પુસ્તકાકારે 1951માં પ્રકાશિત થયા હતા. પરંતુ એક ગ્રંથરૂપે 'સાવિત્રી' શ્રી અરવિંદના 'સાવિત્રી' અંગેના પત્રો સહિત 1954માં પ્રકાશિત થાય છે. આમ, સુન્દરમ્ 'સાવિત્રી'ના પ્રકાશન પછી ખૂબ જ ઓછા ગાળામાં અનુવાદ પ્રવૃત્તિ આરંભી છે એ નોંધપાત્ર છે.

સુન્દરમ્ બાદ 'સાવિત્રી'નો ગદ્યાનુવાદ અંબાલાલ પુરાણી 'સાવિત્રી ગુંજન'રૂપે આપે છે. એની પ્રથમ આવૃત્તિ ૧૯૬૪માં પ્રકાશિત થઈ છે. એ પછી ૧૯૬૬માં બીજી આવૃત્તિ અને ૧૯૮૬માં એનું પુનર્મુદ્રણ પણ થયું છે. અંબાલાલ પુરાણી 'સાવિત્રી'ના એમણે પસંદગીના આઠેક પૃષ્ઠનો પદ્યાનુવાદ પણ આપે છે એ નોંધવું રહ્યું. એમણે જે સર્ગોનો અનુવાદ નથી આપ્યો એનો ગદ્યમાં સંક્ષેપાનુવાદ આપ્યો છે. આમ, ૧૯૬૪માં બે ગ્રંથરૂપે પ્રકાશિત થયેલા 'સાવિત્રી ગુંજન' પુસ્તક દ્વારા 'સાવિત્રી' મહાકાવ્યનો ખ્યાલ તો ભાવકનો આવી જ જાય છે. આ રીતે તેઓ પહેલા છે.

એ પછી 'સાવિત્રી'ના અનુવાદનો પ્રયત્ન પૂજાલાલ કરે છે. સૌપ્રથમ તેઓ ૧૯૭૨માં 'સાવિત્રી'ના પર્વ:૧૨, 'ઉપસંહાર'નો પદ્યાનુવાદ આપે છે. એ પછી ઑગષ્ટ :'૭૩ થી ઑગષ્ટ :'૭૫ દરમ્યાન છ પુસ્તકોરૂપે 'સાવિત્રી'નો અખંડ અનુવાદ એમની પાસેથી પ્રાપ્ત થાય છે. પૂજાલાલે પોતે 'સાવિત્રી'નો અનુવાદ કર્યો એ પૂર્વે પુરાણીના 'સાવિત્રી ગુંજન'ના પ્રકાશન પૂર્વે (૧૯૬૪ પહેલાં) એની હસ્તપ્રત ઝીણવટ પૂર્વક જોઈ હતી અને જરૂરી સૂચનો પણ કર્યાં હતાં. એનો ઉલ્લેખ 'સાવિત્રી ગુંજન'માં મૂળજીભાઈ તલાટીએ 'પ્રકાશકની નોંધ'માં કર્યો છે. પૂજાલાલના અનુવાદમાં અંબાલાલ પુરાણીના અનુવાદના સૂક્ષ્મ સંસ્કાર પડ્યા હોય એવું સહજ અનુમાન કરી શકાય.

ઐતિહાસિક ક્રમે જોઈએ તો જતીન્દ્ર આચાર્યનું 'સાવિત્રી'ના અનુવાદનું કાર્ય ૧૯૬૨થી આરંભાયું હતું. એ અંગે તેઓ એક પત્રમાં આ સંશોધકને જણાવે છે: "૧૯૬૨થી 'સાવિત્રી' પાઠ કરતો પણ સમજાય નહીં. એટલે સુન્દરમ્‌ને લખ્યું. તેમણે મારા જન્મદિવસે શ્રીમાતાજીના આશીર્વાદ સાથે 'સાવિત્રી' મોકલી. અને ઉદ્‌ઘાટન થયું. ત્યારથી સતત 'સાવિત્રી'નો અનુવાદ કરતો રહ્યો છું. પત્રિકાઓ છાપી વહેંચતો રહ્યો છું. હવે છેવટે 'સાવિત્રી-મંથન' અને 'સાવિત્રી સંગમ' (માત્ર ગુજરાતી અનુવાદ)નું કામ ઉપાડ્યું છે." આ અનુવાદોમાંનો નાનકડો અંશ માર્ચ ૧૯૯૬માં સૌપ્રથમ 'સાવિત્રી મંથન : જપમાળા સ્વરૂપ' નામની પુસ્તિકારૂપે પ્રકાશિત થાય છે. એ પછી આ શ્રેણીની બીજી પુસ્તિકા જૂન ૧૯૯૬માં પ્રકાશિત થઈ છે. પોતાના અનુવાદની

મૌલિકતા અંગે આ સંશોધકને એક બીજા પત્રમાં તેઓ જણાવે છે: "મારો અનુવાદ મૌલિક રહે તે માટે તો હું પૂજાલાલનો અનુવાદ પાસે હોવા છતાં વાંચતો નથી. 'कोकिल' નો હિંદી અનુવાદ કોઈ શબ્દનો અર્થ ન સમજાય ત્યારે રીફર કરું. પણ ગુજરાતી શબ્દ તો આપણો આગવો જ!" આમ, એમના અનુવાદ પર એમના કહેવા પ્રમાણે અન્ય કોઈની સીધી અસર નથી.

'સાવિત્રી' મહાકાવ્યના ગુજરાતીમાં રેડિયો રૂપકોમાં રૂપાંતરનો પ્રયત્ન ૧૯૭૮-૭૯ દરમ્યાન ચંદ્રવદન મહેતા કરે છે. આ સમયે સુન્દરમ્, પુરાણી અને પૂજાલાલના અનુવાદો પ્રકાશિત થઈ ચૂક્યા હતા. પરંતુ એમણે આ અનુવાદોને જોયા હતા કે કેમ એનો કોઈ નિર્દેશ પ્રાપ્ત થતા નથી. 'રેડિયો રૂપકોના પ્રકાશિત થયેલા પુસ્તકની પ્રસ્તાવનામાં તેઓ જણાવે છે: "મહર્ષિ અરવિંદનું મહાકાવ્ય 'સાવિત્રી' એક અદ્ભુત અને અનન્ય કૃતિ છે, એની મને બહુ મોડી વયે જાણ થઈ."[*4]

આમ, 'સાવિત્રી'નું ગુજરાતી ભાષામાં જુજવે રૂપે અવતરણ થાય છે. જ્યોતિ થાનકીએ 'સાવિત્રી'ના કેટલાક ભાગનો ગુજરાતી અનુવાદ કર્યો છે પરંતુ હજુ એ પ્રકાશિત થયો નથી.

હવે આપણે 'સાવિત્રી'ના એક પસંદગીના અંશના ગુજરાતીમાં ઉપલબ્ધ મહત્વના અનુવાદોનો તુલનાત્મક અભ્યાસ કરીએ. આ રીતે 'સાવિત્રી'ના એક જ અંશનો વિભિન્ન અનુવાદકો કઈ રીતે મૂળ ભાવ પોતાની કૃતિમાં પ્રગટાવે છે, એ માટે કેવી કેવી પ્રયુક્તિઓ પ્રયોજે છે, એમાં કેટલા અંશે સફળ થાય છે તેનો વિચાર કરીએ. આ માટે આપણે 'સાવિત્રી'ના પ્રથમ પર્વના બીજા સર્ગમાં સાવિત્રીના આંતર-બાહ્ય સ્વરૂપનું આલેખન કરતી પંક્તિઓ જોઈએ. આ પંક્તિઓ- All in her pointed to a nobler kind. (14:31) થી આરંભી 16 મા પૃષ્ઠ પરના પ્રથમ વિરામ સુધીની અર્થાત્ In her he met his own eternity (16:10) છે. આ પંક્તિઓના ત્રણ અનુવાદો પ્રાપ્ત થાય છે: (1) પૂજાલાલ; (2) સુન્દરમ્ અને (3) અંબાલાલ પુરાણી. આ તમામનો પૂરેપૂરો નિર્દેશ પરિશિષ્ટ-ન માં કર્યો છે.

તુલનાત્મક અભ્યાસ માટે પસંદ કરેલા 'સાવિત્રી'ના પ્રસ્તુત અંશમાં વિશેષ ઔચિત્ય રહેલું છે. આ પંક્તિઓની ગણના 'સાવિત્રી'ની ઉત્કૃષ્ટ પંક્તિઓમાં થાય છે. એનો નિર્દેશ સ્વયં શ્રી અરવિંદે 1936માં એક પ્રશ્નોત્તરરૂપે આપ્યો છે: "This passage is, I believe, what I might call the overmind Intuition at work expressing itself in something like its own rhythm and language."*[5] અહીં એ નોંધવું જોઈએ કે શ્રી અરવિંદે 1936માં જે અંશ (passage) દર્શાવીને ઉપર્યુક્ત પ્રતિભાવ પાડ્યો હતો, તેમાં તે સમયે ૩ પંક્તિઓ જ હતી. પાછળથી 'સાવિત્રી'ના પુનર્લેખન દરમ્યાન આ અંશ ૮ પંક્તિઓ સુધી વિસ્તાર પામ્યો હતો.

પ્રસ્તુત અંશના પ્રાપ્ત થતા ત્રણ અનુવાદોના તુલનાત્મક અધ્યયનના નિષ્કર્ષરૂપે કહી શકાય કે પૂજાલાલે મૂળ કૃતિનો ભાવ પ્રગટાવવા માટે પોતાના તરફથી ખાસ કાંઈ ઉમેરણ કર્યું નથી. જ્યારે સુન્દરમ્ અને અંબાલાલ પુરાણી અનુવાદને પ્રાસાદિક બનાવવા પોતાના તરફથી ઉમેરણ કરે છે. એમાં પણ સુન્દરમ્‌ના અનુવાદને એમની કવિપ્રતિભાનો સંસ્પર્શ પ્રાપ્ત થાય છે. પરિણામે મૂળ કૃતિનો ભાવ પરિવર્તન પામે છે. આ સંદર્ભે આપણે નીચેની પંક્તિઓના અનુવાદ જોઈએ:

As might a soul fly like a hunted bird,
Escaping with tired wings from a world of storms,
And a quiet reach like a remembered breast,
In a heaven of safety and splendid soft repose.
One could drink life back in streams of honey-fire,
Recover the lost habit of happiness,
Feel her bright nature's glorious ambiance,
And preen joy in her warmth and colour's rule.
(15:૨૨-૨૯).

પ્રસ્તુત અંશનો પૂજાલાલનો અનુવાદ આ પ્રમાણે છે :

શિકાર અર્થે શોધાતા પક્ષી પેઠે થાકેલી પાંખની પરે (૨૮:૭).
સ્વાત્મા ઊડી ભય જેમ છટકીને તોફાનોના જગત્ થકી,
ને હૈયે યાદ આવેલા જઇને શાંતિ મેળવે,
તેમ જીવ સુરક્ષા ને તેજસ્વી મૃદુતાભર્યા
સાવિત્રીના વિશ્રાંતિપ્રદ આશ્રયે
જઇને, મધુ-અગ્નિની
ધારાઓએ ફરી પાછું પ્રાણ-પાન કરી શકે,
ગુમાવેલી ટેવ પાછી સુખની મેળવી શકે,
અને એના સ્વભાવની
પ્રસન્નોજ્જ્વલતા-પૂર્ણ હવા કેરી અનુભૂતિ કરી શકે,
ને એની સ્નિગ્ધ ઉષ્મામાં અને રાજ્યે એના જીવનરંગના
હર્ષ-ફુલ્લ બની શકે. (૨૮:૧૫).

અહીં 'heaven of safety and splendid soft repose' પંક્તિનો અનુવાદ પૂજાલાલે 'સુરક્ષા અને તેજસ્વી મૃદુતાભર્યો સાવિત્રીનો વિશ્રાંતિપ્રદ આશ્રય' આપ્યો છે. અહીં લક્ષ્યાર્થ પ્રાપ્ત થાય છે એ નોંધપાત્ર છે.

હવે આપણે પ્રસ્તુત અંશનો સુન્દરમ્‌નો અનુવાદ જોઇએ :

યથા કો મૃગયા મધ્યે ફસાયા પંખીના સમો, (૨૦૭ :૧૩)
આત્મા આંધી થકી ભાગી, પાંખોથી શ્રાન્ત ક્લાન્ત હા,
સ્મરણે આવતા કોઇ પ્રેમીના ઉરના સમા
શાંત કો સ્થાનમાં પ્હોંચે, એમ માનવ હા અહીં
સામીપ્યે એહના થતાં, જાણે કો દૃઢ દુર્ગની
રક્ષામાં પ્હોંચતો પોતે, ભવ્ય કો મૃદુ શાંતિની,
વિશ્રાંતિ-ગોદ પામંતો એમ હા નિજને લહી,
પુન: તે જિન્દગી કેરા મધુમત્ અગ્નિના બન્યા
નિર્ઝરો થકી રેલંતાં શકે પી પૂર્ણ નીરને,
ને પાછી સુખની એને પચેલી સાવ વિસ્મૃત
શકે આનંદની વિદ્યા પૂર્વેની ફરી જાગૃત,

અને એહ તણા નિત્ય સુપ્રસન્ન મહાપ્રભ
સાંનિધ્યે સભર એવી હવાને ઉચ્છ્વસી શકે,
અને એહ તણી ઉષ્મા- રંગોના રાજ્યને વિષે
હર્ષનાં નિજ પિચ્છોને પ્રસારી પુલકી શકે. (૨૦૭ : ૨૭)

અહીં 'heaven of safety and splendid soft repose'નો અનુવાદ વિસ્તારથી, કવિના મૌલિક ઉમેરણ સહિત નીચે મુજબ કરવામાં આવ્યો છે:

................., માણે કો દૃઢ દુર્ગની
રક્ષામાં પ્હોંચતો પોતે, ભવ્ય કો મૃદુ શાંતિની
વિશ્રાંતિ-ગોદ પામંતો એમ હા નિજને લહી,
(૨૦૭ : ૧૭ - ૧૯)

અહીં safetyનો ભાવ સ્ફુટ કરવા માટે દૃઢ દુર્ગની ઉપમા પ્રયોજવામાં આવી છે. વળી, અહીં splendid soft repose કોનો છે એની વિશેષ સ્પષ્ટતા કરવામાં આવી નથી. જીવાત્માને આ આશ્રય સાવિત્રીમાં પ્રાપ્ત થાય છે એવી સ્પષ્ટતા પૂજાલાલમાં પ્રાપ્ત થાય છે. વળી, 'streams of honey fire'નો અનુવાદ પણ ધ્યાનાર્હ છે. પૂજાલાલમાં આ અનુવાદ 'મધુ- અગ્નિની ધારાઓ' રૂપે પ્રાપ્ત થાય છે. જ્યારે સુન્દરમ્ 'મધુમત્ અગ્નિના અન્યા નિર્ઝરો પકી રેલંતા પૂર્ણ નીર' એવો અનુવાદ કરે છે. આમ, સુન્દરમ્‌માં અર્થવિસ્તારની પ્રક્રિયા જોઈ શકાય છે. અંબાલાલ પુરાણી એનો અનુવાદ પૂજાલાલની માફક 'મધુર અગ્નિના પ્રવાહો' રૂપે આપે છે એ નોંધપાત્ર છે.

અંબાલાલ પુરાણી એ 'સાવિત્રી'ના આ અંશનો જે અનુવાદ કર્યો છે એમાં પૂજાલાલની સાપેક્ષે વિસ્તારની પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબ જોઈ શકાય છે.: પહેલાં પુરાણીનો અનુવાદ જોઈએ:

"જગતના વાવંટોળિયાથી થાકેલી પાંખોવાળું, શિકારીથી છટકેલું પંખી જેમ સલામત આશ્રયસ્થાને પહોંચી ભય અને સ્મરણમાં યાદ આવેલ આશ્રયરૂપ હૃદય પેઠે શાંતિને પ્રાપ્ત કરે તેમ (૭૨) માનવનો આત્મા સાવિત્રીની ઓજસ્વી પ્રકૃતિની સમીપમાં મધુર અગ્નિના પ્રવાહોનું સેવન

ફરીને ફરીને જીવનનું પાન કરી શકતો તથા સુખી રહેવાના ભુલી ગયેલા અભ્યાસને પાછો મેળવી શકતો એટલું જ નહિ પરંતુ સાવિત્રીની પ્રકૃતિના પ્રભાચક્રનો સ્પર્શ કરીને એની ઉષ્મામાં તથા વિવિધરંગી શાસનમાં પંખીની પેઠે આનંદનાં પીછાંને પાછાં વ્યવસ્થિત કરી શકતો. (૭૩)"

અહીં સૌપ્રથમ 'world of storms'ની સ્પષ્ટતા પ્રાપ્ત થાય છે કે જે વાવંટોળ/તોફાન/આંધીનો નિર્દેશ છે તે જગતના છે. પૂજાલાલ, સુન્દરમમાં આ સ્પષ્ટતા પ્રાપ્ત થતી નથી, તે ભાવકે જાતે મેળવી લેવાની રહે છે. ત્યારબાદ અંબાલાલ પુરાણી અન્ય બે અનુવાદકોથી નીચેની પંક્તિના અનુવાદમાં અલગ પડે છે:

And a quiet reach like a remembered breast. (15:24)

પૂજાલાલ, સુન્દરમમાં જીવાત્મા સ્મૃતિમાં આવતા હૃદયની સાન્નિધ્ય પ્રાપ્ત કરે છે એવો ભાવ પ્રગટે છે. સુન્દરમ એ સાન્નિધ્ય પ્રેમી હૃદયની છે એવી સ્પષ્ટતા પણ કરે છે. જ્યારે અંબાલાલ પુરાણીમાં આ ભાવ જુદી રીતે પ્રગટે છે. તેઓ કહે છે: 'સ્મરણમાં યાદ આવેલ આશ્રયરૂપ હૃદય પેઠે શાંતિને પ્રાપ્ત કરે.'(૭૨) જીવાત્મા કેવી શાંતિ પ્રાપ્ત કરે છે તેનો નિર્દેશ એકમાત્ર પુરાણીમાં પ્રાપ્ત થાય છે. પૂજાલાલમાં યાદ આવેલા હૈયે જઈને શાંતિ મેળવવાનો નિર્દેશ છે. સુન્દરમમાં એ ભાવ કોઈ શાંત સ્થાનમાં પહોંચવાનો નિર્દેશ છે. એ શાંત સ્મરણે આવતા કોઈ પ્રેમીના ઉર જેવું છે, એમ તેઓ દર્શાવે છે. જ્યારે પુરાણી સલામત આશ્રયસ્થાને પહોંચવાનો નિર્દેશ કરી ત્યાં જીવ કેવી શાંતિ પ્રાપ્ત કરે છે તે દર્શાવે છે. આમ, એક જ પંક્તિના ત્રણે અનુવાદકો જુદાં અર્થઘટનો કરે છે. પંક્તિના જુદા જુદા અંશોને પોતાના અનુવાદમાં વિશેષરૂપે ઉજાગર કરે છે.

સુન્દરમના અનુવાદમાં ક્યારેક અર્થબોધ દુર્ગમ બની રહે છે. આ સંદર્ભે નીચેની પંક્તિ ધ્યાનાર્હ છે :

Overflew the ways of Thought to unborn things.
(14:35)

એનો સુન્દરમનો અનુવાદ આ મુજબ છે :

------, થઇ ઊર્ધ્વ ચિત્તની ગતિ સર્વથી
અજન્મ્યાં તત્વ કૈં પ્રત્યે ગતિમાન થઇ રહ્યો.

(૨૦૬ : ૭-૮).

અહીં 'ways of thought'નો અનુવાદ 'ચિત્તની સર્વ ગતિ' પ્રાપ્ત થાય છે. 'ચિત્તની સર્વ ગતિ' એટલે 'વિચારના માર્ગ' એવો અર્થ પ્રાપ્ત થવામાં મુશ્કેલી પડે છે. આની સાપેક્ષે પ્રેમલાલ 'વિચારની સરણીઓ' અને પુરાણી 'વિચારની મર્યાદાઓ' અનુવાદ આપે છે. પુરાણી 'ways' માટે જે 'મર્યાદાઓ' શબ્દાર્થ પ્રયોજે છે એ ચિંત્ય છે. જ્યારે સુન્દરમ્‌માં દુર્બોધતા જોવા મળે છે.

લાઘવની દૃષ્ટિએ પ્રેમલાલનો અનુવાદ નોંધપાત્ર બની રહે છે જ્યારે સુન્દરમ્‌માં વિસ્તારનું વલણ પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિએ નીચેની પંક્તિનો અનુવાદ આપણે જોઇએ :

All in her pointed to a nobler kind. (14:31).

હવે આપણે સુન્દરમ્‌નો અનુવાદ જોઇએ :

એહની ભીતરે જે કૈં હતું સંચિત સિદ્ધ તે
અધિકાધિક ઊર્ધ્વોની દિશામાં કરતું ગતિ. (૨૦૬ : ૧,૨).

હવે પ્રેમલાલનો અનુવાદ જોઇએ :

એના સ્વભાવનું સર્વ ઉદાત્તતર ભતિનો
નિર્દેશ કરતું હતું. (૨૫ : ૧,૨).

પુરાણી નીચે મુજબ અનુવાદ આપે છે :

'સાવિત્રીના પિંડનાં બધાં તત્વો માનવથી પર એવી કોઇ ઉદાત્ત ભતિનો નિર્દેશ કરતાં હતાં' (૭૧)

અહીં સુન્દરમ્ સિવાયના બન્નો અનુવાદકોના અનુવાદોમાં લાઘવ ધ્યાનપાત્ર બને છે. પ્રેમલાલ અને પુરાણીના અનુવાદોની તુલના કરતાં સમજાય છે કે પ્રેમલાલે પદ્યમાં - વ્યસ્ત અનુષ્ટુપમાં - બ્લેંક વર્સની લાક્ષણિકતાઓ પ્રગટાવી છે. આ છંદ એમને અંકુશિત કરતું એક

પરિબળ પણ બની રહે છે. જ્યારે અંબાલાલ પુરાણી પોતાના અનુવાદમાં અર્થને કશા બંધન વગર સહજ રીતે સ્પષ્ટતાપૂર્વક સંક્રમિત કરી શક્યા છે.

ભાષાકર્મની દૃષ્ટિએ સુન્દરમ્ અને પુરાણીની સરખામણીમાં પૂજાલાલમાં સંસ્કૃતાઢ્યતા વિશેષ છે. સાથે સાથે એમના છંદમાં શુદ્ધિ છે. જ્યારે સુન્દરમમાં છંદશૈથિલ્યનું પ્રમાણ વધારે જોવા મળે છે. તેઓ છંદ જાળવવા માટે પોતાના તરફથી અનેક પૂરક શબ્દો પ્રયોજે છે. આ શબ્દોનું ઔચિત્ય ચિંત્ય બની રહે છે. અંબાલાલ પુરાણીમાં મૂળનો ભાવ દીર્ઘ વાક્યો દ્વારા અનૂદિત થાય છે. જ્યારે પૂજાલાલ મોટેભાગે સમશ્લોકી અનુવાદ આપવાનું વલણ દાખવતા હોવાથી પ્રાયઃ મૂળની શ્લોકયોજનાને જ અનુસરે છે એ નોંધવું રહ્યું.

'સાવિત્રી' મહાકાવ્યના ગુજરાતી ભાષામાં થયેલા તમામ નોંધપાત્ર અનુવાદોના મૂળ કૃતિની સાથેના તલાવગાહી અધ્યયનના પરિપાકરૂપે આપણે નીચે મુજબના નિષ્કર્ષો પર આવી શકીએ :-

(૧) 'સાવિત્રી' શ્રી અરવિંદ, શ્રી માતાજીની યૌગિક અનુભૂતિઓનું સમાધિ ભાષામાં આલેખન કરતું એક વ્યંજનાગર્ભ મહાકાવ્ય છે. એમાં સ્થૂળ ભૂમિકા પર જે ઘટનાઓ ઘટે છે એના કરતાં અતિન્દ્રીય સૂક્ષ્મ યોગાનુભૂતિઓનું આલેખન સવિશેષ છે. એટલે એના મૂળ ભાવને અનુવાદની ભાષામાં સંક્રમિત કરવો એ પડકારરૂપ છે. આમ છતાં ગુજરાતી ભાષામાં પૂજાલાલ, સુન્દરમ્, અંબાલાલ પુરાણી જેવા અનુવાદકોએ આ ભાવને પોતપોતાની રીતે સુપેરે રજૂ કરવા સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે. પૂજાલાલમાં મૂળ કૃતિના ભાવને વફાદાર રહેવાનું વલણ સવિશેષ જોવા મળે છે. જ્યારે અન્ય બે અનુવાદકો પોતાના મૌલિક ઉમેરણો, અર્થઘટનોથી મૂળના અર્થને વિશેષ સ્પષ્ટતાસહ સંક્રમિત કરવાનું વલણ દાખવે છે.

(૨) મૂળકૃતિના ભાવનું સંક્રમણ કરવા માટે અનુવાદકો અનેકવિધ પ્રયુક્તિઓનો વિનિયોગ કરે છે. એમાં સાંસ્કૃતિક રૂપાંતરણ, મૂળ ભાવને માટે સમતુલ્ય પારિભાષિક સંજ્ઞાનો દેવનાગરી લિપિમાં પ્રયોગ જેવી પ્રયુક્તિઓ મુખ્ય છે. આવી પ્રયુક્તિઓ હંમેશા અર્થદ્યોતક

નથી બની રહેતી. ક્યારેક એનાથી અર્થક્લિષ્ટતા પણ જન્મે છે.

(૩) મૂળ કૃતિના ભાવનું સંક્રમણ કરવા જતાં અનુવાદમાં ક્યારેક અર્થસીમિતતા, અર્થવિસ્તાર, અર્થ પરિવર્તન કે અર્થ દુર્બોધતા આવી ગઈ છે. ક્યારેક અનુવાદક મૂળ કૃતિનો અર્થ અનુવાદમાં સંક્રમિત કરવા માટે વિશિષ્ટ અર્થસંદર્ભ પ્રયોજે છે. આમ છતાં અર્થસંક્રમણમાં અનુવાદકોને ભાષાગત, આત્મગત મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. એમાંથી એમણે પોતપોતાની પ્રતિભાનુસાર માર્ગ કાઢ્યો છે. એમાં એમની સજ્જતા અને સર્જકતાની કસોટી થઈ છે.

(૪) ભાષાકર્મની દૃષ્ટિએ 'સાવિત્રી'ના ગુજરાતી અનુવાદોના અધ્યયનના નિષ્કર્ષરૂપે કહી શકાય કે મૂળ કૃતિના ભાષાકર્મને લક્ષ્યભાષામાં સંક્રમિત કરવામાં અનુવાદકોને સારી એવી મુશ્કેલી પડી છે. એનું મુખ્ય કારણ સ્રોત ભાષા અને લક્ષ્યભાષાની ભિન્ન પ્રકૃતિ છે. એના પરિણામે મૂળ કૃતિના છંદોવિધાન, શબ્દચયન, શૈલીવિધાન અને અલંકારવિધાનના સ્તરે સંક્રમણના અનેક વિકટ પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

(૫) મૂળકૃતિમાં પ્રયોજાયેલા બ્લેંકવર્સના ગુજરાતી અનુરૂપ છંદરૂપે અનુવાદકોએ મુખ્યત્વે અનુષ્ટુપનો વિનિયોગ કર્યો છે. પ્રસ્તુત અનુવાદોમાં આ છંદ બ્લેંકવર્સના સમતુલ્ય વૃત્ત લેખે સમર્થ રીતે પ્રયોજાયો છે, જે આ અનુવાદોનું ગુજરાતી ભાષાસાહિત્યને એક વિશિષ્ટ પ્રદાન છે.

(૬) શબ્દચયનની દૃષ્ટિએ અધ્યયન કરતાં એવા તારણ પર અવાયું છે કે સ્રોત ભાષાના પ્રત્યેક શબ્દ માટે લક્ષ્ય ભાષામાં આંતર-બાહ્ય પ્રભાવની દૃષ્ટિએ પૂરેપૂરો સમાન શબ્દ પ્રાપ્ત થતો નથી. કાવ્યમાં 'વક્ર શબ્દ' અને 'વક્ર અર્થ'નું જે 'સહિતત્વ' હોય છે અને એનાથી જે વિશિષ્ટ ધ્વનિ, વર્ણમૈત્રી અને અર્થચમત્કૃતિ સર્જાતી હોય છે તેનું અનુવાદમાં સંક્રમણ કરવું અશક્ય છે. એ જ રીતે મૂળકૃતિના વિશિષ્ટ ભાષિક પ્રયોગો, કર્તાએ પ્રયોજેલી એલ્યુઝિવ સ્ટાઇલનું સંક્રમણ પણ શક્ય બન્યું નથી. અનુવાદકોએ એ માટે સમાનાન્તર

ઉક્તિઓ, ગુજરાતી તત્સમ, તદ્ભવ, દેશ્ય કે અન્ય ભાષાના શબ્દોનો વિનિયોગ વગેરે અનેકવિધ પ્રયુક્તિઓ પ્રયોજીને કેટલેક અંશે આ સંક્રમણને શક્ય બનાવ્યું છે.

(૭) 'સાવિત્રી' મહાકાવ્યની શૈલીનું અનુવાદમાં સંક્રમણ કરવાનો પ્રશ્ન અનુવાદકો માટે વિકટ બની રહ્યો છે. કારણ શૈલીમાં આ મહાકાવ્યના કવિના દર્શનનું - એમના મૂર્ત વિચારોનું પ્રગટીકરણ થયું છે. શૈલી એ રીતે જોતાં મૂર્ત અનુભૂતિનો શબ્દાનુવાદ છે. એનું લક્ષ્યભાષામાં સંક્રમણ કરવું પડકારરૂપ કાર્ય છે. એમાં સ્રોત ભાષા અને લક્ષ્યભાષાની અસમાન પ્રકૃતિ પણ મોટો ભાગ ભજવે છે. આમ છતાં અનુવાદકોએ આ શૈલીને પોતપોતાના અનુવાદમાં પ્રગટાવવાની યથામતિ કોશિશ કરી છે. એમાં તુલનાત્મક દૃષ્ટિએ પૂજાલાલને અન્યની સરખામણીએ સારી એવી સફળતા મળી છે.

(૮) મૂળ કૃતિના અલંકારવિધાનનું અનુવાદમાં સંક્રમણ કરવું એ પણ અનુવાદકો માટે કપરું કાર્ય બની રહ્યું છે. એમાં ખાસ કરીને શબ્દાલંકારોનું સંક્રમણ શક્ય બન્યું નથી. અર્થાલંકારોના સંક્રમણમાં અનુવાદકોને ઠીક ઠીક સફળતા મળી છે.

(૯) તમામ અનુવાદકો પોતપોતાની રીતે મૂળકૃતિના મર્મને અનુવાદમાં સંક્રાન્ત કરવાનો પ્રયત્ન કરે છે. સુન્દરમ્‌નો અનુવાદ ઐતિહાસિક રીતે પ્રથમ છે. પરંતુ તેઓ પાસેથી 'સાવિત્રી' નો ખંડ અનુવાદ જ પ્રાપ્ત થાય છે. અંબાલાલ પુરાણી 'સાવિત્રી ગુંજન'માં 'સાવિત્રી'ના ત્રીજા ભાગનો ગદ્યાનુવાદ આપે છે અને મૂળકૃતિનો ભાવકને પૂરો ખ્યાલ આવે માટે બાકીના ભાગનો સારાનુવાદ આપે છે. પૂજાલાલ 'સાવિત્રી'નો સાદ્યંત પદ્યાનુવાદ આપે છે. એમના માટે આ કાર્ય જીવનકાર્ય બન્યું હતું. એમનો અનુવાદ વિશેષ સંતર્પક બની રહે છે. કારણ એમનામાં મૂળકૃતિને મહદંશે વફાદાર રહેવાનું વલણ જોવા મળે છે. વળી, પૂજાલાલનો અનુવાદ સુન્દરમ્ અને પુરાણીના અનુવાદો બાદ આવ્યો છે. એમાં એમના પુરોગામીઓના ઉત્તમાંશોનો સુભગ સમન્વય થયેલો છે. તેમજ એમના ચિંત્ય પાસાંઓનો પરિહાર જોવા મળે છે. સુન્દરમ્‌ના અનુવાદમાં મૂળકૃતિના

ભાવનું સારું એવું પરિવર્તન થઈ ગયેલું જોવા મળે છે. મૂળકૃતિ અને અનુવાદની વચ્ચે એમનામાં રહેલો કવિ સારો એવો હસ્તક્ષેપ કરે છે. જ્યારે અંબાલાલ પુરાણી પોતાના ગદ્યાનુવાદમાં મૂળના મર્મને સંક્રમિત કરવા પોતાના તરફથી સારા એવા પ્રમાણમાં સ્પષ્ટતાઓ કરે છે.

(૧૦) ૧૯૯૫માં શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી તરફથી 'સાવિત્રી'ની દ્વિતીય સંવર્ધિત, પરિષ્કૃત આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. આ આવૃત્તિ મૂળ હસ્તપ્રત અને અગાઉ મુદ્રિત કૃતિની પદ્ધતિસરની સરખામણીનો પરિપાક છે. આ પદ્ધતિસરની સરખામણીમાં પુસ્તક પ્રકાશનના કોપી કરવી, ટાઇપ, મુદ્રણ જેવા તબક્કાઓનો સમાવેશ થયો હતો. આ તબક્કાઓમાં શ્રી અરવિંદ પ્રત્યક્ષ રીતે સંકળાયેલા હતા. નહિ. આ તપાસને પરિણામે 'સાવિત્રી'ની બીજી આવૃત્તિ આપણને પ્રાપ્ત થઈ છે. એમાં મૂળકૃતિમાં સારા એવા દોષો જોવા મળ્યા છે. એ બધાની પૂરતી તપાસ કર્યા બાદ નિરોદ બારન (જેમણે શ્રી અરવિંદના 'સાવિત્રી' લેખનના એક માધ્યમ તરીકે કાર્ય કર્યું હતું) અને કે. ડી. શેઠના અને શ્રી અરવિંદ આશ્રમના આર્કાઇવ્સ વિભાગે આ નવી આવૃત્તિ પ્રકાશિત કરી છે. 'સાવિત્રી'ના આજ સુધી પ્રાપ્ત થતા અનુવાદો પ્રથમ આવૃત્તિના છે. હવે આ નવી આવૃત્તિનો અનુવાદ કરવો એ આજની એક આવશ્યકતા છે.

(૧૧) અનુવાદ પ્રવૃત્તિ અંગે અંગ્રેજીમાં કહેવાયું છે કે : 'The flowering moments of the mind drop half their petals in speech and threeforth in translation.'*6 માટે જ કવિતાના અનુવાદની અશક્યતાનો દૃઢ મત પ્રવર્તે છે. ક્યારેક તો અનુવાદપ્રવૃત્તિને સીતારના સૂરને વાયોલીન પર છેડવા જેવી ગણાવાઈ છે. પરંતુ અનૂદિત કૃતિને પ્રતિભાશાળી અનુવાદકનો સંસ્પર્શ પ્રાપ્ત થતાં તે મૂળનો ભાવ સંતર્પક રીતે સંક્રમિત કરી શકે છે એમ, આ પ્રસ્તુત સંશોધનકાર્યના નિષ્કર્ષરૂપે અસંદિગ્ધપણે કહી શકાય.

— * —

## પાદટીપ

*1 (340) ઉશનસ્. મૂલ્યાંકનો. પૃ. 63.

*૨ (341) પટેલ પ્રવીણા. શ્રી અરવિંદનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ. પૃ. ૨67.

*3 (341) ઉશનસ્. મૂલ્યાંકનો. પૃ. 67.

*4 (344) મહેતા ચંદ્રવદન. 'મહર્ષિ' અરવિંદ રચિત મહાકાવ્ય 'સાવિત્રી' ઉપર સંક્ષિપ્ત રેડિયોરૂપકો'. પ્રસ્તાવના. પૃ. 5.

*5 (345) Sri Aurobindo. Savitri. Sri Aurobindo's letters on 'Savitri'. Pg: 760.

*6 (353) संपा. तिवारी भोलानाथ, चतुर्वेदी महेन्द्र काव्यानुवाद की समस्याऍं. पृ. 50.